Monday, 27th June 1994

# હેસ્ટર ફાર્માસ્યુટીકલનો રૂા. ૫ કરોડનો પ્રોજેક્ટ

અમદાવાદ સ્થિત હેસ્ટર ફાર્માસ્યુટીકલ્સ લિ.એ જાપાનની ઘેન કોરપોરેશન અને તેની સબસીડીઅરી મેઈને બાયોલોજીકલ લેબોરેટરીઝ (યુનાઈટેડ સ્ટેટ્સ) સાથે પોલ્ટ્રી વેકસીન બનાવવાની સગવડ દેશમાં ઊભી કરવા માટે રૂા. પાંચ કરોડને ખરચે પ્રોજેક્ટ ઊભો કરવા વ્યૂહાત્મક સંધિ કરી છે.

ઉત્પાદન અમદાવાદ, પશ્ચિમ ભારતમાં હાથ ધરવામાં આવશે.

કંપની પોલ્ટ્રીના રોગ પરીક્ષણ, કેનાઈન, ફેલાઈન, બોમાઈન અને ઓવાઈન રોગો માટે ટૂંક સમયમાં ઈમ્યુનોકોમ્બ કીટ્સની રેંજ બજારમાં મૂકશે. આ કીટ્સ ઈઝરાયેલની બાયોગલ ગેલ્ડ લેબ્ઝ બનાવે છે.

હેસ્ટર ફાર્માસ્યુટીકલ્સ હાલમાં મેઈને બાયોલોજીકલ લેબોરેટરીઝ અને ઘેન કોરપોરેશન દ્વારા બનાવવામાં આવતા વેક્સીન, યુએસએની ઈંડેક્સ કોરપોરેશન અને ઈઝરાયેલની બાયોલોજીકલ ગેલ્ડ લેબ્ઝ દ્વારા બનાવાતાં પ્રાણીઓ અને લાઈવસ્ટોક રોગ પરીક્ષણ કીટ્સ તેમજ ઘેન કોરપોરેશન તેમજ બેલ્જીયમની કેમીન યુરોપ દ્વારા બનાવાતાં એનીમલ ફીડનું વેચાણ કરે છે.

કંપનીની સ્થાપના પ્રથમ પેઢીના વ્યવસાયીઓ દ્વારા કરવામાં આવી છે, કંપની રૂા.૫.૦૪ કરોડને ખરચે પોલ્ટ્રી વેકસીન બનાવવાનો પ્રોજેક્ટ ઊભો કરી રહી છે. કંપનીની આગેવાની તેના મેનેજીંગ ડીરેક્ટર શ્રી રાજીવ ડી. ગાંધી અને શ્રી સંજીવ ડી. ગાંધી સંભાળે છે. સહ પ્રમોટર છે ડો. ભૂપેન્દ્ર વી. ગાંધી, જાણીતા નેફ્રોલોજીસ્ટ.

જૂથ મૂળ ફાર્માસ્યુટીકલ એકમોને કાચો માલ અને કેમીકલ્સ પૂરાં પાડતું હતું. શ્રી રાજીવ ગાંધીના જણાવ્યા પ્રમાણે કંપની સજીવ અને નિષ્ક્રીય બનાવેલાં વેકસીન જાપાનની ઘેન કોરપોરેશન અને મેઈને બાયોલોજીકલ લેબોરેટરીઝ ઈંક.ના ટેકનીકલ અને નાણાંકીય સહયોગમાં બનાવવા માટે ઊભો કરી રહી છે. પ્રોજેક્ટની ક્ષમતા ૩૯૫૦ લાખ ડોઝ સજીવ અને મારી નાખવામાં આવેલ વેક્સીનની રહેશે.

કંપનીનો પ્રોજેક્ટ ગુજરાતમાં મહેસાણા જિલ્લામાં કડી તાલુકામાં મેરડા અદરાજ ગામે આવેલો છે, જે બીજા વર્ગનો પછાત વિસ્તાર છે અને તેને રૂા. ૧૫ લાખની સબસીડી મળશે. કંપની પ્રેયોગિક ધોરણે ઉત્પાદન ડીસેંબર'૯૪ અને વ્યાપારી ધોરણે માર્ચ '૯૫માં શરૂ કરવા ધારે છે.